**ડી.સી.બી. પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૦૧૧૨૫૦૩૨૭/૨૦૨૫ ગુનાના કામે અરજદાર/આરોપી કરણ દલજીત ગંભીર નાઓની જામીન અરજી લગત હુકમ.**

.................................................................................

(૧) અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. કેસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વકિલશ્રી તથા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. ત.ક.અ.શ્રીએ જામીન અરજી સામે રજુ રાખેલ વાંધા વંચાણે લીધા.

(૨) અરજદાર/આરોપીના વિ.વકિલશ્રીની રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપીને સદરહું ગુનામા ખોટી રીતે સંડોવી દિધેલ છે. ફરીયાદ મુજબનો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનામા અત્રેની કોર્ટને જમીન મુકત કરવાની સત્તા રહેલ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી ગુપ્તાએ એફ.આઈ.આર.ની મહત્વની વિગતો તરફ આ અદાલતનું ધ્યાન દોરેલ છે. તેમણે જણાવેલ છે કે તા. ૫/૨/૨૨ ના રોજ આરોપી તથા ફરીયાદી ના લગ્ન થયેલ, બાદ તા. ૨૦/૪/૨૪ ના રોજ ફરીયાદી આરોપીનું ઘર છોડી ચાલ્યા ગયેલ, બાદ તા. ૩૦/૫/૨૪ ના રોજ આરોપીએ છુટાછેડાની અરજી કરેલ, જેની જાણ ફરીયાદીને તા. ૬/૬/૨૪ ના રોજ થયેલ, જે બાદ ફરીયાદીએ કમિશ્નર ઓફ પોલીસને તા. ૭/૮/૨૪ ના રોજ અરજી કરેલ, તે બાદ હાલની આ ફરીયાદ તા. ૧૪/૧૦/૨૪ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. ફરીયાદી સી.એ. તથા એલ.એલ.બી. જેવી ઉચ્ચ ડીગ્રીઓ ધરાવે છે. આરોપી નિર્દોષ છે. અરજદાર/આરોપી કયાંય નાસીભાગી જાય તેમ નથી. તપાસના કામે જાતે સરેન્ડર થયા છે. તેમણે તપાસના દરેક તબકકે સહકાર આપેલ છે. તેમની આગોતરા જામીન અરજી, નામદાર સેશન્સ કોર્ટ, નામદાર વડી અદાલત તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા નામંજુર કરવામાં આવતાં તેઓ સામે ચાલી તપાસ કરનાર અમલદાર રુબરુ હાજર થયેલ છે. નામ.અદાલત ધ્વારા જે કોઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે તેમ જણાવી જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજી સામે વાંધો

લીધેલ છે. ત.ક.અ.શ્રીએ રજુ રાખેલ વાંધા ધ્યાને લઈ હાલની જામીન અરજી ના–મંજુર કરવા વિનંતી કરેલ છે.

ફરીયાદી તરફે વિ.વ.શ્રી શેઠના હાજર થયેલ છે તેમણે ફરીયાદી અને આરોપી વચ્ચે થયેલ વોટસએપ તથા અન્ય મેસેજો તરફ આ અદાલતનું ધ્યાન વિગતે દોરેલ છે. તેમણે લીસ્ટ થી રજુ રાખેલ કાગળો ધ્યાને લીધા. તેમણે હાલની અરજીનો સખ્ત વિરોધ કરી જણાવેલ છે, કે સેશન્સ ટ્રાયલ કેસના ગુના નો આક્ષેપ છે, જે ઘણો જ ગંભીર છે. તે સંજોગોમાં હાલની આ જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષોની રજુઆત ધ્યાને લીધી. આ કામના અરજદાર/આરોપી સામે **ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૩૫૪, ૪૦૬, ૪૯૮(ક), ૫૦૬(૨), ૫૦૯, ૧૧૪, ૧૨૦(બી), ૩૭૬, ૫૧૧, ૩૫૪(બી) તથા દ.પ્ર.ધારાની કલમ–૩, ૪** મુજબનાં ગુનાનો આક્ષેપ છે. એફ.આઈ.આર. વંચાણે લેતા તા.૨૫/૦૨/૨૦૨૨ થી તા.૨૦/૦૪/૨૦૨૪ સુધી ફરીયાદીબેનના લગ્ન જીવન દરમ્યાન ફરીયાદીબેનનાં પતિ સાસુ સસરા ધ્વારા ફરીયાદી બેનનો વિશ્વાસ સંપાદન કરી તેઓ કરણ સાથે લગ્ન કરશે તો ઘરના તમામ સભ્યો તેઓની ખુબજ કાળજી રાખશે. તેવો ભરોસો આપી લગ્ન કરાવી દિધેલ અને લગ્નના થોડા સમય બાદ જ દહેજની માંગણી કરી તેમજ તેઓના પતિ તથા સસરા ધ્વારા તેઓની મરજી વિરુધ્ધ શારીરીક છેડછાડ કરી અઘટીત માંગણી કરી ફરીયાદીબેનને માર મારી ધમકીઓ આપી શારીરીક માનસીક ત્રાસ આપી તા.૨૦/૦૪/૨૦૨૫ ના રોજ તમામ આરોપીઓએ ભેગા મળી એકસંપ થઇ ઘરમાંથી ફરીયાદીબેનને કાઢી મુકેલાનો આક્ષેપ છે. આક્ષેપીત ગુનો નામદાર સેશન્સ કોર્ટ ધ્વારા ચાલવાપાત્ર છે, હાલના આરોપી વિરુધ્ધ પ્રથમદર્શનીય આક્ષેપો છે, જે ઘણા જ ગંભીર પ્રકારના આક્ષેપો છે. કેસ પેપર્સ તથા ત.ક.અ.શ્રીએ રજુ રાખેલ વાંધા વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપી ગુનામા પ્રથમ દર્શનીય રીતે સંડોવાયેલ હોવાનું જણાય આવે છે સદરહુ ગુનાની તપાસ હાલ ચાલુ છે. પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેલ છે. અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનામાં દશ વર્ષથી લઇ આજીવન કેદ સુધી સજાની જોગવાઇ છે. આમ, અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ, ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા

બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૪૮૦ અન્વયેની વિવેકબુધ્ધિની સત્તાઓ અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવી યોગ્ય જણાઇ આવતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## **<u>–:: હુકમ ::–</u>**

હાલની જામીન અરજી **<u>ના–મંજુર</u>** કરવામા આવે છે.

– હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૭/૦૫/૨૦૨૬
સ્થળ:અમદાવાદ

**(દિલીપકુમાર વી.પટેલ)**
૩જા એડી.ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૧,અમદાવાદ શહેર.
જજ કોડ નં.જી.જે.૦૦૯૨૫.